ॐ अर्हम्

॥ नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# સ્યાદ્વાદ–પ્રવેશિકા

– मङ्गलाचरण –

अर्हन्तो भगवन्त इन्द्र महिताः सिद्धाश्चसिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः
श्री सिद्धान्तसुपाठकामुनिवरा रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥ १ ॥

: લેખક :

શાંતિલાલ કેશવલાલ શાહ

દેવસાનો પાડો, અમદાવાદ.

## શ્રી મદ્ યશોવિજયજી કૃત પદ

પરમ ગુરૂ જન કહો કયોં હોવે,
ગુરૂ ઉપદેશ બિના જન મૂઢા
દર્શન જૈન બિગોવે,
પરમ ગુરૂ જૈન કહો કયોં હોવે; ।।૧।।
કહત કૃપાનિધિ સમજળ ઝીલે,
કર્મ મેલ જો ધોવે
બહુલ પાપ-મલ અંગ ન ધારે,
શુદ્ધ રૂપ નિજ જોવે....પરમ ।।૨।।
સ્યાદ વાદ પૂરન જો જાને,
નય ગર્ભિત જશ વાચા
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે,
સોહિ જૈન હૈ સાચા....પરમ ।।૩।।
ક્રિયા મૂઢ મતિ જો અજ્ઞાની,
ચાલત ચાલ અપૂઠી
જૈન દશા ઉનમેં હૈ નાહિ,
કહેસો સબહી જૂઠી....પરમ ।।૪।।
પર પરિણુતિ અપની કરી માને;
કિરિયા ગર્વે ઘહેલો
ઉનકું જૈન કહો કયું કહિએ
સો મૂરખ મેં પહેલો....પરમ ।।૫।।

—: જયન્તુ સ્યાદ્વાદિનો વીતરાગાઃ :—

# સ્યાદ્વાદ – પ્રવેશિકા

શ્રી ચતુર્વિધ સંઘને
નમસ્કાર પૂર્વક
સમર્પણ

卐

(મંગલાચરણમ્)

કલઙ્ક-નિર્મુક્ત મમુક્ત-પૂર્ણતં,
કુતર્ક-રાહુ-ગ્રસનં સદોદયમ્ ।
અપૂર્વ-ચન્દ્રં જિનચન્દ્ર-ભાષિતં,
દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્ ।

# ઉત્થાનિકા

આ લઘુ-પુસ્તિકા લખવાની પ્રેરણા " **नयानां ज्ञानात्मकं शब्दात्मकञ्च स्वरूपम्** " નામની ચોપડી જોતાં અને વિચારતાં ઉદ્‌ભવી છે એક અજૈન વિદ્વાન્ પોતાની મનસ્વી કલ્પનાઓથી જૈનદર્શન માન્ય નયોમાં વ્યર્થ ભ્રાન્તિ ઉભી કરે, એક જૈન સાધુ એનું સંપાદન કરે, અને એક જન-સંસ્થા એનું પ્રકાશન કરે. એ બધું જ અનર્થક, અને ભવિષ્યમાં ભ્રમજાળ ફેલાવનારૂં હોઈ, એનો પ્રતિકાર કરવો આવશ્યક લાગવાથી અને નય પ્રમાણ એવં સ્યાદ્વાદને સાધારણજન સમજી શકે, એવું વિધાન કરવું લાભદાયક થશે, એમ જાણી આ નિબંધ લખવામાં આવે છે.

શ્રી જિનભાષિત અર્થથી મારું લખાણ કેટલું યોગ્યા. યોગ્ય છે તેનો આત્માર્થી, જ્ઞાની, પંડિતો અને સત્સંગિઓ અવશ્ય નિર્ણય કરે, એવી મારી નમ્રાતિનમ્ર વિનન્તી છે.

પ્રથમ જણાવવાનું કે—

" **नयानां ज्ञानात्मकं शब्दात्मकञ्च स्वरूपम्** " નામની પુસ્તિકાના નિબન્ધક તર્ક-દર્શન-ન્યાય રત્ન પંડિત ઈશ્વર

ચંદ્ર શર્મા મૌદ્ગલ્ય છે. સમ્પાદક મુનિશ્રી યશોવિજયજી છે, નિબંધકાર અને સંપાદક મુનિના લખાણમાં અભિધેય, પ્રયોજન, સંબંધ, અને અધિકારનો અત્યન્ત ભેદ-ભાવ અને વિસંવાદ સ્પષ્ટ દૃષ્ટિ ગોચર થાય છે, તે વિચારણીય છે.

નયોના વિધાનમાં તેઓ બંને અનેક કુશંકાઓ કરે છે, સમાધાન વચનોમાં શંકાઓ કરે છે, અને પોતાના સંદિગ્ધ અને વિસંવાદી વિચારોને દર્શાવે છે, છતાં પુસ્તિકાનું નામ "**नयानां ज्ञानात्मकं शब्दात्मकञ्च स्वरूपम्**" એમ આપે છે ! એમની આખી પુસ્તિકા વાંચી જવાથી તેમની ભ્રાન્તધારણાઓ જ ઉપસી આવે છે, અગર તેઓ આવું નામ ન આપીને **नयेषु भ्रमः** આવું નામ આપત તો ઠીક થાત, તેથી તેમની જિજ્ઞાસાનો ભાવ પણ સમજાત, પરંતુ સ્વરૂપને બગાડે છે, અને સ્વરૂપ નામ આપે છે આ પહેલો વિસંવાદ.

ભૂમિકામાં શ્રીયશોવિજયજી જણાવે છે "જૈનાગમોં કે અનુસાર નયોંકો પ્રમાણોં કે અનુસાર સમાન તત્ત્વજ્ઞાન કા સાધન કહા હૈ" પરન્તુ આ વચનમાંથી પોતાની શ્રદ્ધા ઉઠાવી લેતાં તરત જ તેઓ જણાવે છે કે "પ્રમાણોંસે નયોંકા ભેદ જનતાકિંકોંને પ્રતિપાદિત કિયા હ, પર વહ સામાન્ય રૂપસે હૈ, ઉદાહરણો દ્વારા પ્રત્યક્ષ, અનુમાન આદિસે નયોકા ભેદ પ્રાયઃવિવૃત નહી હુઆ" આવા પ્રકારના નિર્ણયવાળું તેમનું અજ્ઞાન પ્રસ્તુત પુસ્તિકાના પ્રકાશનથી અક્ષમ્ય છે. ઉપર લિખિત વિધાન કરવામાં

તેઓ ઈશ્વરચંદ્રજીને સહાયતા કરવા ગયા છે, પરંતુ તેઓ જ્યારે જણાવે છે કે "કુછ લોગ ઈન્દ્રિયજન્ય પ્રત્યક્ષ આદિ પ્રમાણોં કો નયકે અન્તર્ગત માનતે હૈ." ત્યારે ઈશ્વરચંદ્ર જી તો નયોને પ્રમાણની (ચાક્ષુષપ્રત્યક્ષાદિની) અન્તર્ગત માનીને અનાવશ્યક સ્વીકારે છે. સમ્પાદક પ્રમાણોને નયાન્તર્ગત બતાવે, અને પંડિતજી નયોને ચાક્ષુષપ્રમાણાન્તર્ગત બતાવે છે આ બીજો સ્પષ્ટ વિસંવાદ છે. ભ્રાન્ત માણસોની આજ સ્થિતિ હોય છે અસ્તુ,

આમ આ વિસંવાદો બંનેના નય સ્વરૂપ નિરૂપણમાં અપ્રમાણિકતાના સ્પષ્ટ સૂચક છે.

## -મિથ્યા નિર્ણય-

શ્રીયશોવિજયજી પુસ્તિકાના નામાભિધાનથી સ્પષ્ટ વિરૂદ્ધ જણાવે છે કે-' અનેક ઉદાહરણોસે નયોકા શબ્દાત્મક ઔર જ્ઞાનાત્મક સ્વરૂપભી સ્પષ્ટ નહીં હો સકતા" આ એમનો મિથ્યા નિર્ણય છે, આ સ્થિતિમાં આ નામ ન જ હોઈ શકે, "**नयेषु भ्रम :**" આવું જ એના જેવું જ કોઈ નામ આપવું જોઈતું હતું, અને આવો મિથ્યા નિર્ણય આપતાં પહેલાં કોઈ જ્ઞાની ગુરૂની સેવા કરવી જોઈતી હતી.

શ્રીઈશ્વરચંદ્રજી જો કે અજૈન પંડિત છે માટે પોતાની માન્યતાને સિદ્ધ કરવા પ્રયત્ન કરે એ માની શકાય, પરંતુ

શ્રીયશોવિજયજી એક જૈન સાધુ થઈને આવું અનધિકાર લખાણ કરે, તે તો ઘણું ઘણું વિચારવાની ફરજ પાડી જાય છે.

શ્રીયશોવિજયજી લખે છે કે—" પ્રાચીન જૈન તાર્કિકોંકે સાથ મતભેદ નિબંધકારને આદર ઔર વિનય કે સાથ પ્રકાશિત કિયા હૈ," અમારી દૃષ્ટિમાં આવા પ્રકારના આદર વિનયનું કોઈ મહત્વ નથી, મતભેદ શબ્દમાત્ર લખી શા માટે અસત્યના પોષણનો પ્રપંચ કરો છો? પુસ્તિકાના અંતિમ પૃષ્ટ ઉપર સાર :—લખી જે વિધાન કરવામાં આવ્યું છે તે મતભેદ નથી પણ શ્રી ઈશ્વરચંદ્રજીનો મિથ્યાનિર્ણય છે.

## નિબંધનો પ્રારંભ

શ્રી ઈશ્વરચંદ્રજી પુસ્તિકાના પ્રારંભમાં જણાવે છે કે. " નયોથી પ્રમા જ્ઞાનના વિષયભૂત તત્ત્વ-પ્રમેયત્વનો અવબોધ આર્હત્ દર્શનનો અસાધારણ અર્થ છે," અહીં પંડિતજીએ પ્રમાણિકપણે જાણી લેવું જોઈએ કે શ્રીઅરિહંત સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્માઓએ પ્રરૂપેલ આર્હત્-દર્શન તો સકળ જગતને છ દ્રવ્યાત્મક, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત, અનંતપર્યાયાત્મક, સામાન્યવિશેષપણા યુક્ત, યથાર્થ જાણે છે, અને જુએ છે. અને આ પ્રમાણે જાણવા માટે તેમની પાસે નયજ્ઞાન અને પ્રમાણ-જ્ઞાન બંને વ્યવસ્થિત-રીતે છે,

બીજું શ્રી ઈશ્વરચંદ્રજી જણાવે છે કે "પ્રમેય તત્ત્વને જાણવા માટે પ્રમાણોના સાધન-ભાવો વૈદિક, ન્યાય, વૈશેષિક,

અને સાંખ્ય દર્શનોએ પ્રધાનપણે બતાવેલા છે, પૂર્વ મીમાંસકો તેમ જ ઉત્તર મીમાંસકોને પણ ઉપરની વાત સાથે મતભેદ નથી.” ઉપરોક્ત વિધાનના સંબંધમાં હું સ્પષ્ટ જણાવું છું કે ઉપર બતાવેલા કોઈ પણ દર્શનમાં—જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનું નય નિક્ષેપ ભંગાદિથી યથાર્થ સ્વરૂપ જ બતાવેલું નથી, તો પછી તેઓના અનંત-પરિણમન ભાવને જાણવા રૂપ યથાર્થ પ્રમાણભાવનું સ્વરૂપ તો હોય જ ક્યાંથી ?

સ્વમતને પોષવા શ્રી ઈશ્વરચંદ્રજી જણાવે છે કે:—“ વેદોને અપ્રમાણ માનવામાં બૌદ્ધો અને જૈનો સમાન છે, ” અહીં બૌદ્ધોની માન્યતા કેવી છે? તે તો તેઓ જાણે, પરંતુ જૈનો જગતના સર્વશ્રુતને જે બે વિભાગથી જાણે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

પહેલો ભેદ દ્રવ્યશ્રુત છે, અને બીજો ભેદ ભાવશ્રુત છે, અને તે દરેકના બબ્બે ભેદોનું યથાર્થ સ્વરૂપ નીચે મુજબ અસંદિગ્ધપણે સમજવું (૧)—સમ્યગ્ દ્રવ્યશ્રુત (૨) અસમ્યગ્ દ્રવ્યશ્રુત (૩) સમ્યગ્ભાવ શ્રુત (૪) અસમ્યગ્ભાવશ્રુત એ ચાર ભેદો થયા,

શ્રીજિનપ્રણીત અર્થને નયો અને પ્રમાણોથી યથાર્થ જણાવનાર તે સમ્યગ્દ્રવ્યશ્રુત જાણવું, જગતના સ્વરૂપ-ને મતિકલ્પિત ભાવથી અયથાર્થ જણાવનાર તે અસ-મ્યગ્દ્રવ્ય શ્રુત જાણવું, મોક્ષાર્થી આત્માઓએ મોક્ષાર્થ

માટે ધારણ કરેલું સર્વશ્રુત તે સમ્યગ્ભાવ શ્રુત જાણવું, વિષય કષાયોના અર્થી આત્માઓએ વિષય કષાયને પોષણ કરવા માટે ધારણ કરેલું તે સર્વશ્રુત અસમ્યગ્ ભાવશ્રુત જાણવું, જગતના સર્વશ્રુતને ઉપરના ભેદોથી યથાર્થ જાણવા શ્રીઈશ્વરચંદ્રજી આદિ પ્રયત્ન કરે.

ઉપર લિખિત સમ્યગ્દ્રવ્યશ્રુતરૂપ જિનાગમમાં જગતના સર્વપદાર્થોના સર્વભાવોને યથાર્થ સ્વરૂપે જાણવા માટે પ્રમાણો અને નયોનું સ્વરૂપ સવિસ્તર આપેલું છે, તેમાંથી કિંચિત્ અહીં અમે જણાવિયે છિએ—જગતના સર્વ જ્ઞેય પદાર્થોને યથાર્થ જાણવાનું જ્ઞાન મતિશ્રુત અવધિ મનઃ પર્યવ અને કેવળ આદિ પાંચભેદોવાળું છે, તેમાં મતિ અને શ્રુત જ્ઞાનને પરોક્ષ પ્રમાણપણે કહ્યું છે, અવધિ મનઃ પર્યવ અને કેવળ જ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણપણે કહ્યું છે, તેમજ શ્રીજિનાગમોમાં તે તે પ્રમાણ-ભાવ સાધક નયોનું સ્વરૂપ અનેકવિધ ભેદોથી તેમજ દ્દષ્ટાંતોથી પણ વિસ્તાર પૂર્વક વર્ણન કરાયેલું છે. તે આ પ્રમાણે છે.

દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયના વિચારો તેમજ નિશ્ચય અને વ્યવહાર નયના વિચારો શબ્દ નય અને અર્થ-નય ના વિચારો દ્રવ્યનય અને ભાવ નયના વિચારો તેમજ વળી નૈગમ આદિ નયોને અનેક ભેદો પ્રભેદોથી દ્દષ્ટાન્તો સહિત જણાવેલા છે.

ઉપર મુજબ જ્ઞાનના સત્ય સ્વરૂપથી જોતાં સ્પષ્ટ જણાશે કે ઈતર દર્શનોમાં જ્ઞેયનું યથાર્થ સ્વરૂપ જ નથી,

તેમ જ ક્યાંયે જ્ઞેયને જાણનાર જ્ઞાનમા ભેદોનું સ્વરૂપ નથી. તો પછી પ્રમાણો ક્યાંથી હોય ?

શ્રી ઈશ્વરચંદ્રજી જણાવે છે કે "પ્રમાણો અને નયોનો પરસ્પર ભેદ પ્રકાશ કરવા માટેના કારણો સ્પષ્ટતયા જૈન આગમોમાં દેખાતાં નથી, તેમજ તત્ત્વાર્થ સૂત્રમાં પણ દેખાતાં નથી." ઉપર અમે જૈન આગમ સંબંધી યત્ કિંચિત્ સ્વરૂપ લખ્યું છે, તેથી પણ સહેજે સમજાઈ જાય તેમ છે કે શ્રી ઈશ્વરચંદ્રરજી જૈન આગમોના સંબંધમાં અંધારામાં જ આથડ્યા છે, કેમકે તેઓ ભાવથી અસમ્યક્ શ્રુતના આધારે જૈન આગમોમાં પ્રવેશેલા છે.

શ્રી ઈશ્વરચંદ્રજી જણાવે છે કે "શ્રી સમન્તભદ્ર અને શ્રીસિદ્ધસેને પ્રમાણનું સામાન્ય લક્ષણ—'સ્વપર વ્યવસાય જ્ઞાનં પ્રમાણમ્'-એમ સ્પષ્ટ જણાવ્યું છે તેમજ તત્ત્વાર્થસૂત્રના ભાષ્યમાં કહ્યું છે કે-' નયો-પ્રાપકો કારકો સાધકો-નિવર્તકો-નિર્ભાસકો, ઉપલંભકો વ્યંજકો એ એ સ્વરૂપ વિશેષથી નયોનું સ્વરૂપ પ્રતિપાદન કરાયેલું છે." આ પ્રમાણે નયોના અને પ્રમાણોના જ્ઞાન-ભેદનો સ્પષ્ટ ખ્યાલ મૌજૂદ હોવા છતાં "ભેદ-બોધ કરવા ઉપરની હકીકત સમર્થ નથી" એવું જણાવીને તે નય અને પ્રમાણને નિરર્થક બતાવવા પોતાના અહંકારનું પ્રદર્શન કરતાં જણાવે છે કે, " તે ક્યાં પ્રમાણો છે, કે જે સંપૂર્ણ રૂપે અર્થનું પ્રતિપાદન કરે છે ? અને ક્યા તે નયો છે. જે વસ્તુ સ્વરૂપના એક દેશને

જણાવે છે? ” અહિંયાં તેઓ પ્રમાણ જ્ઞાનના વિષયમાં મૂઢ હોવાથી “સંપૂર્ણ અર્થ” પ્રતિપાદક શબ્દ વાપરી બાળ જીવોને ભ્રાંતિમાં નાખવાનો સહેતુક પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ તેઓ-સર્વે એ વાત સમજી લે કે-યથાર્થ જ્ઞાનમાં જ્ઞેય, જ્ઞાન, અને જ્ઞાતાનો પરસ્પર કથંચિત્ ભેદાભેદ છે. જે તેઓ ગીતાર્થોની સેવા કર્યા સિવાય કોઈ પણ સમજી શકવાના નથી, પરંતુ એટલું જણાવવાનું કે જો તેઓ દૃષ્ટિ-દોષ છોડીને સમજવા પ્રયત્ન કરે તો નીચેની હકીકતથી તેઓમાં વિશેષ જ્ઞાન મેળવવાની યોગ્યતા આવશે.

જો કે પૂર્વ મહાપુરૂષોએ નયો અને પ્રમાણોનું સ્વરૂપ અનેક વિધ રીતે ઉદાહરણો અને દૃષ્ટાન્તોથી અવિરૂદ્ધ-પણે બતાવેલું જ છે, તથાપિ પ્રસ્તુત પ્રસંગને અનુસરીને જણાવવાનું કે-જે યથાર્થ જ્ઞાન છે, તે પ્રમાણ જ્ઞાન છે. અને જે જ્ઞાનથી યથાર્થ-જ્ઞાન થાય છે, તે નય જ્ઞાન છે. ઉપર લિખિત પ્રમાણ જ્ઞાન બે પ્રકારનું છે-પ્રત્યક્ષ પ્રમાણ, અને પરોક્ષ પ્રમાણ, તેમાં પ્રત્યક્ષ પ્રમાણ પ્રત્યય રૂપ છે, અને પરોક્ષ પ્રમાણ પ્રત્યયિક છે, તે પ્રત્યક્ષમાં પણ અવધિ અને મનઃપર્યવજ્ઞાન પ્રમાણો ક્ષાયોપશમિક છે, અને કેવળજ્ઞાન પ્રમાણ ક્ષાયિક છે. ઉપરના પ્રમાણ જ્ઞાનોનું યથાર્થપણું આ પ્રમાણે જાણવું, સમ્યગ્જ્ઞાન, નિશંકજ્ઞાન, અવિસંવાદિજ્ઞાન, હિતકારીજ્ઞાન, નિરાબાધ-જ્ઞાન, અનંતજ્ઞાન ઈત્યાદિ અનેક અવિરૂદ્ધભાવે યથાર્થ જ્ઞાન જાણવું.

હવે તેઓ પોતાના મતિકલ્પિત ચાક્ષુષ્-અનુમાન અને શબ્દ જ્ઞાનને યથાર્થપણું આપવાની યુક્તિ કરતાં થકાં જણાવે છે કે- "ધૂમાદિ હેતુક અગ્નિની અનુમિતિમાં અનુમાન અને નયનો ફળભેદ અનુભવ ગોચર થતો નથી." અહીં જણાવવાનું કે જે જ્ઞાનને યથાર્થતા સાથે સંબંધ નથી તે જ્ઞાનમાં નય હોતો નથી.

વળી તેઓ જણાવે છે કે-' શબ્દ પ્રમાણથી જણાતો નદી વૃક્ષ આદિ પદાર્થ પણ સંપૂર્ણતયા જણાતો નથી- અહીં જણાવીએ છીએ કે:- કોઈ પણ વસ્તુનુ જ્ઞાન નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિ કોઈ એક શુદ્ધ નિક્ષેપથી પણ યથાર્થ થઈ શકે છે.

આગળ તેઓ જિજ્ઞાસા દર્શાવતા પૂછે છે કે "પ્રમાણથી નિરૂપિત કરાયેલ એક-દેશમાં નયનું પ્રતિપાદન કરતી વખતે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પૂર્ણઅર્થ સ્વરૂપનું પ્રકાશન કઈ રીતિએ થાય છે"-આ સંબંધમાં જણાવવાનું કે સ્યાદ્વાદ્ સિધ્ધાંતના દ્વેષિયો એ નહીં જ સમજી શકે કે કોઈ પણ વસ્તુનો એક અંશ તેના પૂર્ણ સ્વરૂપથી કથંચિત્ ભિન્નાભિન્ન છે.

આગળ તેઓ સ્વમતિકલ્પિત સૂત્ર બનાવતાં લખે છે કે-"પ્રમાણ શબ્દ રૂઢિથી પ્રત્યક્ષ આદિનો સૂચક છે." ઉપર મુજબના તેમના પ્રમાણ જ્ઞાનને તપાસિએ તો જણાશે કે તેઓ જ્યાં જ્યાં જે જે જેવું જેવું દેખાય કે જણાય ત્યાં ત્યાં તે પ્રમાણ જ્ઞાન છે, આ લક્ષણને મૂર્ખ જ પ્રમાણ

જ્ઞાન માને, પંડિતજી ! આ સંસારમાં દેખાય કંઈ અને હોય કંઈ આ સ્વરૂપને શા માટે ભૂલો છો ?

વળી તેઓ પોતાના તે મિથ્યા પ્રમાણ જ્ઞાનને સિદ્ધ કરવા જિજ્ઞાસા બતાવી પૂછે છે કે—"પ્રત્યક્ષાદિથી જણાયેલ લતા અને કપડા આદિ અર્થોમાં નૈગમ આદિ કોઈ એક નય દ્વારા એક—દેશનો બોધ કરાવવો ઈષ્ટ કઇ પ્રક્રિયાથી છે ?"—જેઓ મતિકલ્પિત જ્ઞાનમાં પ્રમાણત્વનો આરોપ કરનારા છે, અને તેને જ પ્રમાણ રૂપ સમજનારા છે, તેઓમાં યથાર્થ પ્રમાણતા સાધક સપ્તભંગી જન્ય નયજ્ઞાન સમજવાની શક્તિ હોતી નથી.

હવે તે સપ્તભંગીની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ યત્કિંચિત્ જણાવિએ છિએ.

જગતના સર્વ—જીવો ઉપર એકાંત કલ્યાણ કારી ભાવનાના ધારક, તેના સંબંધથી તીર્થંકર નામ—કર્મની નિકાચના કરી ત્રીજે ભવે, પોતાનાં સર્વ—ઘનઘાતી (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ) ચાર કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી સહજ અનંત—જ્ઞાન અનંત—દર્શન અનંત—ચારિત્ર અને અનંત—વીર્ય પ્રાપ્ત કરી સર્વજ્ઞ અને સર્વદર્શી પણે વિચરતા, તે તીર્થંકર નામ કર્મના ઉદયથી જગતના સર્વ—જીવોના હિતાર્થે મોક્ષ-માર્ગ દેખાડતા પરમાત્માઓએ પ્રકાશ્યું છે કે—જગત કથંચિત્ ઉત્પત્તિ, કથંચિત્ વ્યય અને કથંચિત્ ધ્રુવસ્વરૂપવાળું છે, આ ત્રિપદીના યથાર્થ

સ્વરૂપ ને જણાવતા થકા પરમ મહર્ષિ ગણધર-ભગવંતો-એ દ્વાદશાંગીમાં પદાર્થોમાં રહેલા પરસ્પર વિરોધી અનેક ધર્મોને અનેક સપ્તભંગોવડે જણાવ્યા છે, અને તે તે પ્રત્યેકભંગોમાં રહેલા પરસ્પર વિરોધી ધર્મોનો અવિરૂદ્ધ બોધ કરાવવા માટે અનેક નય વિચારો પણ જણાવ્યા છે. એ નય-વિચારોથી પ્રત્યેક પદાર્થમાં રહેલા પરસ્પર-વિરોધી ધર્મોનો અવિરૂદ્ધ બોધ થાય છે, કેમ કે તે તે નય વિચારો પ્રમાણાપેક્ષિત છે, તેથી તે નય જ્ઞાન પ્રમાણમાં અવતરે છે એમ જાણવું. આથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ પદાર્થમાં રહેલ કોઈ પણ ધર્મનો એકાંત નિષેધ કરનાર કે એકાંત સ્વરૂપે કોઇ પણ ધર્મનો સ્થાપન કરનાર તે દુર્નય છે.

ઉપર સૂચિત સપ્તભંગી આ પ્રમાણે થાય છે.

૧-સ્યાદ્ અસ્તિ-પ્રત્યેક પદાર્થનું સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવાદિની અપેક્ષાએ હોવાપણું.

૨-સ્યાદ્ નાસ્તિ-પ્રત્યેક પદાર્થનું પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવાદિની અપેક્ષાએ નહી હોવાપણું.

૩-સ્યાદ્ અસ્તિનાસ્તિ-પ્રત્યેક પદાર્થનું સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવાદિની અપેક્ષાએ ઉભયપણું.

૪-સ્યાદ્ અવકતવ્યમ્-પ્રત્યેક પદાર્થના સ્વરૂપનું અપેક્ષા વિશેષે નહીં કહેવાયોગ્યપણું.

૫–સ્યાદ્ અસ્તિ અવકતવ્યમ્–પ્રત્યેક પદાર્થનું સ્વ–દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવાદિની અપેક્ષાએ જે અસ્તિત્વ તેમાં અપેક્ષા વિશેષે ન કહેવાયોગ્યપણું.

૬–સ્યાદ્ નાસ્તિ અવકતવ્યમ્–પ્રત્યેક પદાર્થ નું પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવાદિની અપેક્ષાએ જે નાસ્તિત્વ તેનું અપેક્ષાવિશેષથી અકહેવા યોગ્યપણું.

૭–સ્યાદ્ અસ્તિ નાસ્તિ યુગપદ્ અવકતવ્યમ્–પ્રત્યેક પદાર્થનું સ્વ–પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવાદિની અપેક્ષાએ જે અસ્તિત્વ નાસ્તિત્વ–( ઉભય પણું ) તેમાં અપેક્ષાવિશેષે નકહેવાપણું.

આવી રીતે પ્રત્યેક પદાર્થના પ્રત્યેક ધર્મના ઉપર સૂચિત સપ્તભંગાત્મક સ્વરૂપને પરોક્ષથી જાણવું તે પરોક્ષ–પ્રમાણ જ્ઞાન છે, તેમ જ પ્રત્યક્ષથી જાણવું તે પ્રત્યક્ષ–પ્રમાણજ્ઞાન છે, અને પ્રત્યેક પદાર્થના તે તે સપ્તભંગાત્મક-સ્વરૂપ ને અવિરૂદ્ધ જણાવનાર જે જ્ઞાન છે, તેને નય જ્ઞાન કહેવાય છે.

આથી સ્પષ્ટ થાય છે કે અનંત ધર્માત્મક વસ્તુનો યથાર્થ બોધ કરવા માટે સપ્તભંગાત્મક જ્ઞાન કારણ છે. તે સપ્તભંગનો અવિરૂદ્ધ બોધ કરાવવા માટે નયજ્ઞાન કારણ છે.

આથી સ્પષ્ટ જાણવું કે જ્યાં જ્યાં સપ્તભંગી નથી, ત્યાં ત્યાં પરસ્પર વિરૂદ્ધ–ધર્માત્મક સ્વરૂપનું અવિરૂદ્ધ નય–

જ્ઞાન નથી, અને જ્યાં જ્યાં નયજ્ઞાન નથી ત્યાં પ્રમાણ જ્ઞાન પણ નથી જ.

ઉપર સૂચિત અનેક સપ્તભંગાત્મક સ્વરૂપને અવધારણ કરવા શ્રીજિન સિદ્ધાંત ને વિષે અનેક-વિધ નય વિચારો તેમજ તેના પ્રમાણ-ભૂત કથાનુયોગ પણ મહાવિસ્તારવાળો આજે પણ મોજૂદ છે, તે મુજબ નિત્યા-નિત્ય ભિન્નાભિન્ન, રૂપારૂપી, સામાન્ય વિશેષ, કર્તા-અકર્તા, ભોકતા -અભોકતા, યોગી-અયોગી, ઉપયોગી-અનુપયોગી, શુધ્ધા-શુધ્ધ, ઈત્યાદિ અનેક સપ્તભંગિઓને પણ વિવિધ નય-વિચારોથી બતાવેલ છે તે ગીતાર્થ ગુરૂની સેવાથી જાણવી.

પ્રસંગાનુસાર કેટલાક નય વિચારો પણ આ સાથે જણાવિએ છિએ.

૧-દ્રવ્યાર્થિક નય-પદાર્થની ત્રૈકાલિક નિત્ય સત્તાનું ગ્રહણ કરે તે.

૨-પર્યાયાર્થિક નય-પદાર્થના પરિણમન સ્વરૂપને ગ્રહણ કરે તે.

૧-શબ્દ નય- શ્રુતજ્ઞાન વિશેષર્થા પદાર્થના સ્વરૂપ-ને ગ્રહણ કરે તે.

૨-અર્થ નય-મતિ, અવધિ, મનઃપર્યય અને કેવળ જ્ઞાન વડે પદાર્થના સ્વરૂપને ગ્રહણ કરે તે.

૧-નિશ્ચય નય-પદાર્થના અવિચલિત શુધ્ધ સ્વરૂપને હણ કરે તે.

૨–વ્યવહાર નય–પદાર્થને લોક વ્યવહારભાવથી અવિરુદ્ધ પણે ગ્રહણ કરે તે.

૧–દ્રવ્ય નય–પદાર્થની અન્તર્મુખ તેમ જ બહિર્મુખ શક્તિને ગ્રહણ કરે તે.

૨–ભાવ નય–પદાર્થની પ્રવર્તમાન પરિણમન શક્તિને ગ્રહણ કરે તે.

૧–સામાન્યનય–પદાર્થને એકરૂપે સામાન્યપણે ગ્રહણ કરે તે.

૨–વિશેષ નય–પદાર્થને નામ જાતિ, ગુણ અને ક્રિયા વિશેષથી વિશેષપણે ગ્રહણ કરે તે.

૧–**નૈગમ નય**–શુદ્ધતા ગ્રાહક, શુદ્ધાશુદ્ધતા ગ્રાહક અશુદ્ધતાગ્રાહક, એમ ત્રણ ભેદથી, તેમ જ સામાન્યગ્રાહી વિશેષગ્રાહી એવા બે ભેદથી, તેમ જ ભૂત ભાવી અને વર્તમાન કાળ વિષયક વસ્તુગ્રાહી, તેમ જ વસ્તુના અંશથી વસ્તુને ગ્રહણ કરનાર–અંશ ગ્રાહી, તેમ જ સંકલ્પવિશેષથી વસ્તુને ગ્રહણ કરનાર સંકલ્પગ્રાહી આદિ અનેક–પ્રકારે વસ્તુને ગમ્ય કરે, જાણે તે નૈગમ નય.

૨–**સંગ્રહ નય**-વસ્તુમાત્રને વિશેષ રહિત પણે, સામા-ન્ય-સત્તાથી ગ્રહણ કરે તે, એવં સંગૃહીત–પિંડિત અર્થ-વાળા વચનથી પદાર્થને ગ્રહણ કરે તે સંગ્રહ નય.

વ્યવહાર નય-પ્રત્યેક પદાર્થને લોકવ્યવહાર પ્રચલિત અર્થના સ્વરૂપ વિશેષથી ગ્રહણ કરે તે વ્યવહારનય.

૪-ઋજુસૂત્ર નય-વર્તમાનમાં વસ્તુમાં જે અર્થ ક્રિયાકારિત્વનીશક્તિ હોય તે રૂપે વસ્તુને માને તે ઋજુસૂત્ર નય.

૫-શબ્દનય-જે વસ્તુમાં જે શબ્દનો વ્યવહાર કરાતો હોય, તે શબ્દના અર્થ રૂપે જ વસ્તુ હોવી જોઈએ, એમ માને તે શબ્દ નય.

૬-સમભિરૂઢ નય-અનેક પર્યાય રૂપ વસ્તુને નિયત પર્યાય વિશેષથી માન્ય કરે તે સમભિરૂઢનય!

૭-એવંભૂત નય-પ્રત્યેક પદાર્થને પોતાના ધર્મમાં સંપૂર્ણપણે પ્રર્વતમાન સ્વરૂપથી ગ્રહણ કરે તે એવંભૂતનય.

હવે પ્રસંગાનુસાર નિક્ષેપાદિનું સ્વરૂપ પણ જણાવિએ છિએ-શ્રીજિનાગમમાં અનેક નિક્ષેપોનું સ્વરૂપ છે, પરંતુ પદાર્થનો યથાર્થ બોધ થવા માટે જઘન્યથી ચાર નિક્ષેપથી વસ્તુમાત્રને ગ્રહણ કરવી-જાણવી કહી છે. તે આ પ્રમાણે -૧-નામ નિક્ષેપ ૨- સ્થાપના નિક્ષેપ ૩- દ્રવ્યનિક્ષેપ ૪ ભાવનિક્ષેપ, ઉપરના ચારે નિક્ષેપોના પણ ચાર ચાર ભેદ આ રીતિએ થાય છે-૧ નામ નિક્ષેપ-નામ નામ, સ્થાપના નામ, દ્રવ્ય નામ, અને ભાવ નામ. સ્થાપના-નિક્ષેપ-નામ સ્થાપના, સ્થાપના સ્થાપના, દ્રવ્ય સ્થાપના, ભાવ સ્થાપના, ૩ દ્રવ્ય-નિક્ષેપ-નામ દ્રવ્ય, સ્થાપના દ્રવ્ય, દ્રવ્ય દ્રવ્ય, ભાવ

**દ્રવ્ય. ૪-ભાવ નિક્ષેપ નામ ભાવ, સ્થાપનાભાવ, દ્રવ્યભાવ, ભાવ-ભાવ.**

ઉપર સૂચિત ભેદોમાંથી પ્રત્યેકના અન્તિમ ચારભેદો ભાવનામ, ભાવસ્થાપના, ભાવ દ્રવ્ય, અને ભાવ ભાવ તે વિશુધ્ધ અને હિતકર છે, જેનો ભાવ નિક્ષેપ પ્રશસ્ત છે, તેના ચારે નિક્ષેપ પ્રશસ્ત છે, તેવી જ રીતિએ જેનો ભાવ નિક્ષેપ અપ્રશસ્ત છે, તેના ચારે નિક્ષેપ અપ્રશસ્ત અને અહિતકારી છે.

વસ્તુના સ્વરૂપને અતિશયે ગ્રહણ કરે તેને નિક્ષેપ કહેવાય છે, તેમજ ચાર નક્ષેપ રહિત જગતમાં કોઈ વસ્તુ હોતી જ નથી.

આવી રીતે નય નિક્ષેપ આદિથી સપ્તભંગાત્મક વસ્તુ-સ્વરૂપને અવિરૂદ્ધપણે ગ્રહણ કરનાર અને હેય ઉપાદેયભાવને યથાવત્ સ્વીકારનાર, આત્માર્થી, યથાર્થ, પ્રમાણ, પ્રત્યક્ષ, વિશુદ્ધ, અને અક્ષય અનંત જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

આવી શુધ્ધ રીતિને છોડીને જેઓ કોઈપણ પદાર્થને શુધ્ધ રૂપે, અશુધ્ધ રૂપે, કે શુધ્ધાશુધ્ધ રૂપે, ગ્રહણ કરે તો પણ તેઓ નય રહિતપણે યથાર્થ જ્ઞાન મેળવી શકતા નથી, કેમ કે પદાર્થ જે સ્વરૂપે શુધ્ધતાવાળો છે, તે સ્વરૂપે તેને શુધ્ધ રૂપે ગ્રહે. અને જે સ્વરૂપે અશુધ્ધતાવાળો છે, તે સ્વરૂપે તેને અશુદ્ધ પણે ગ્રહે, અને જે સ્વરૂપે શુદ્ધાશુદ્ધ

છે, તેને શુદ્ધાશુદ્ધ પણે ગ્રહે તો તે નય-જ્ઞાન થાય, અને તે નય-જ્ઞાન વડે જ પ્રમાણ જ્ઞાન થાય છે; માટે યથાર્થ જ્ઞાનના અર્થી આત્માઓએ અનંત-ધર્માત્મક-પદાર્થને અનેકવિધ સપ્ત-ભંગિઓથી જાણી, તેતે સપ્તભંગમાંના પરસ્પર વિરોધી ધર્મોને નયદૃષ્ટિએ અવિરૂદ્ધ લેખીને તે તે સ્વરૂપે યથાર્થ પ્રમાણ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એજ શ્રેયસ્કર છે. ઉપર પ્રમાણે સ્યાદ્વાદ સિદ્ધાન્તથી વસ્તુતત્ત્વને યથાર્થ જાણવા માટે અમોએ કેટલોક નય વિચાર, સપ્તભંગીનું સ્વરૂપ, તેમજ પ્રમાણ જ્ઞાનનું સ્વરૂપ, અને નિક્ષેપાદિનો વિચાર પ્રસ્તુત કર્યો છે, વિશેષ સ્વરૂપે આગમોમાંથી ગીતાર્થો પાસેથી જિજ્ઞાસુઓએ જાણવા પ્રયત્નશીલ થવું.

આથી હવે શ્રી ઈશ્વરચંદ્રજીના પ્રત્યેક વિસંવાદી વાક્યોનું પ્રતિવિધાન નિરર્થક માની તેમના મુખ્ય મંત-વ્યને જે તેમણે પોતાની પુસ્તિકાના અંતિમ ભાગમાં સાર રૂપે આપ્યો છે, તે સાર જ્ઞાનને તપાસી લેવું ઉચિત જાણી તે સારના પ્રત્યેક વાક્યના વિસંવાદીપણાને જ જણાવિએ છિએ.

## સારમાં–મિથ્યા પ્રતિપાદન

શ્રી ઈશ્વરચંદ્રજી નયના સ્વરૂપ સંબંધમાં અજાણ અને યથાર્થ જ્ઞાનના અભાવે ભ્રાંતિમાં હોય એ સ્વાભાવિક છે. એમ છતાં જ્યારે નય-જ્ઞાનના સ્વરૂપની ચર્ચા કરી નયના સ્વરૂપનું મિથ્યા પ્રતિપાદન કરે છે. ત્યારે તો

પોતાની દુરાગ્રહગ્રસ્ત બુદ્ધિનું પ્રદર્શન કરાવી હાસ્યાસ્પદ બને છે.

પુસ્તિકાના અંતે સારમાં તેઓ જણાવે છે કે—"મનના અધ્યવસાય સ્વરૂપ અને શબ્દસ્વરૂપ નયોમાં મૂળ અપેક્ષા છે," પરંતુ આતો તેમની પોતાની નય સંબંધીની કલ્પના છે, અને બીજાઓને આર્હતદર્શન પ્રરૂપિત નયોની યથાર્થ પ્રણાલિકાની વ્યર્થતા સમજાવવાની દુષ્પ્રવૃત્તિ-માત્ર છે અમે આગળ કહી ગયા છિએ કે" નયો મનના અધ્યવસાયોમાં કે શબ્દોમાં નથી, પરંતુ અનન્ત ધર્માત્મક પદાર્થમાં વર્તમાન અનેક પરસ્પર વિરૂદ્ધ-ધર્મો હોવા છતાં, અવિરૂદ્ધભાવે કોઈ એક ધર્મને પ્રતિપાદન કરનાર દૃષ્ટિને નય કહેવાય છે, માટે મનના ગમે તેવા અધ્યવસાયો કે ગમે તેવા શબ્દો કે વાક્ય પ્રયોગો તો દુર્નયજ છે. અહીં અવિરૂદ્ધ ભાવની વિશેષતા સ્વીકારવી જ જોઈએ.

આગળ ચાલતાં તેઓ પોતાની શાબ્દિક ચાલાકીથી, જણાવે છે કે-" ઈન્દ્રિય વડે સાક્ષાત્કાર કરાયેલા, ધૂમાદિક વડે અનુમાન કરાયેલા, અને આપ્તવચન વડે જણાયેલા, અગ્નિઆદિનો અર્થ બોધ (અહીં તેઓ અર્થબોધ કહી રહ્યા છે) જ્યાં સુધી દ્રવ્યાદિની અપેક્ષા વડે (અહિંયાં તેઓ દ્રવ્યાદિની અપેક્ષા સ્વીકારે છે.) અગ્નિ આદિમાં રહેલા સત્વ, અસત્વ, ભેદ, અભેદ આદિ કોઈ પણ ધર્મનો પ્રકાશક નથી,-ત્યાં સુધી પ્રત્યક્ષ અનુમિતિ અને શાબ્દ બોધસ્વરૂપ જ છે." અર્થાત્ માત્ર બોધ

સ્વરૂપ છે. તેમના ઉપરના કથનને બરાબર તપાસિએ તો સ્પષ્ટ જણાશે કેઃ- તેઓ અર્થબોધ દ્રવ્યાદિ નિરપેક્ષ થાય અને તે કોઈપણ ધર્મનો પ્રકાશક નથી, ત્યાં સુધી માત્ર બોધસ્વરૂપ છે, એમ કહી રહ્યા છે, તેમના આ કથનમાં જે ભયંકર વિસંવાદિતા છે તે જોઈએ, પ્રથમ તેઓને અર્થ બોધ થાય છે, અને વળી તેને દ્રવ્યાદિ નિરપક્ષ બતાવે છે આતો મા વાંઝણી જેવો ન્યાય થયો, પંડિતજી!અર્થ બોધ દ્રવ્યાદિ નિરપેક્ષ હોય જ નહીં (વળી અર્થ-બોધ કોઇપણ ધર્મનો પ્રકાશક નથી, ત્યાં સુધી બોધ માત્ર છે એમ તેઓ જે કહે છે એતો પોતાના સમગ્ર દ્રવ્ય બોધને દ્રવ્યાદિ નિરપેક્ષ અને અપ્રકાશક બતાવી અંધકાર રૂપ બતાવવા જેવું થઈ ગયું પંડિતજી! આ તમને કઇ રીતે ઈષ્ટ છે?)

અર્થ બોધ અને તે દ્રવ્યાદિનિરપેક્ષ અને અપ્રકાશક, પંડીતજી! એવો અર્થબોધ તે ગધેડાના શીંગડાના બોધ જેવો છે, માટે દુરાગ્રહ છોડી ને પંડીતજી શુદ્ધ વીચારો એવી અમારી ખાસ ભલામણ છે. વળી તેઓ પોતાના નયજ્ઞાનને જણાવતાં લખે છે કે "અગ્નિના જ્ઞાન પછી અપેક્ષાથી ધર્મ વીશેષનો અધ્યવસાય નય છે." પંડીતજી! નયની આ પરિભાષા ન હોય !! ન હોય ! નયની પરિભાષા આ રહી "દ્રવ્યાદિમાં પરસ્પર વિરૂદ્ધપણે રહેલા ધર્મોને અવિરૂદ્ધપણે જણાવે તે નય છે," તમે તો દુર્નયની પરિભાષા કરી, આવા દુર્નયથી વસ્તુસ્વરૂપનું એક દેશે કે સર્વ દેશે થયેલું જ્ઞાન કેવળ મૃષા જ છે, યથાર્થ નથી.

પંડિતજી જણાવે છે કે "પરોક્ષ શ્રુતમુળવાળું નય-જ્ઞાન પણ પરોક્ષ છે," પ્રથમ અમે જણાવી ગયા છિએ તેથી સ્પષ્ટ જણાશે કે–જૈનો જે સર્વજ્ઞ અને સર્વદર્શી, પ્રત્યક્ષ, અનંત, નિરાબાધજ્ઞાનવાન્ છે તેમના કહેલા વસ્તુ માત્રના અનંત–ધર્માત્મકપણાના અર્થોને અવિરૂદ્ધપણે જણાવનાર પોતાના નયોને યથાર્થ જાણે છે. માટે આ નયજ્ઞાન યથાર્થ પ્રમાણાપેક્ષિત છે, અને તે નયજ્ઞાનજ યથાર્થ પ્રમાણમાં અવતરે છે, જે જ્ઞાન પ્રમાણાપેક્ષિત નથી તે દુર્નય જ છે;

અંતમાં પંડિતજી પોતાના મતિકલ્પિત જ્ઞાનને પ્રમાણતા આપવા વિસંવાદીપણે જણાવે છે. "પ્રત્યક્ષ અનુમાન અને આગમથી ઉત્પન્ન થયેલા જ્ઞાનો મન સબંધી દ્રવ્યાદિની અપેક્ષાનો આશ્રય કરતા નથી," ઉપર તેઓ જ જણાવે છે કે 'દ્રવ્યાદિની અપેક્ષા વડે વિશેષ બોધ ન થાય, ત્યાં સુધી બોધ માત્ર છે, અને વળી એજ સંદર્ભમાં અહીં–"મન સંબંધી દ્રવ્યાદિની અપેક્ષાનો આશ્રય કરતા નથી" એમ જણાવેછે, ખરેખર આવા વિસંવાદી લખાણો લખીને તેઓએ પોતાની ઉપાધિઓને ઉપાધિમાં નાંખેલી છે,

## ઉપસંહાર

પંડિતશ્રી ઈશ્વરચંદ્રજી અને તેમના પૃષ્ટ–પોષકો ! અહીં અમે જે લખ્યું છે, તે દ્વેષભાવથી નહીં પણ, નય-

જ્ઞાન માટે તમે જે ભ્રાન્ત સ્વરૂપ આલેખ્યું છે, તેથી તમારા જેવા વિદ્વાન્‌ની શક્તિનો દુરૂપયોગ થયો છે, તમે અવશ્ય વિવેકથી વિચારજો! જ્ઞાન દ્રવ્યાદિથી નિરપેક્ષ હોતુંજ નથી, જ્ઞાન અપ્રકાશક હોતુંજ નથી, નયજ્ઞાન વિરૂદ્ધ-ધર્મોમાં પણ અવિરુદ્ધતા પેદા કરવા માટે જ પ્રવૃત્તિ કરે છે, પ્રત્યેક વિવેકી વાંચનાર હંસની જેમ ક્ષીર નીરનું પૃથક્કરણ કરી યથાર્થ-બોધિલાભ પામો એજ એક માત્ર અભ્યર્થના સાથે વિરમું છું.

शुभं भवतु

લી૦

વીર સં. ૨૪૮૮<br>મહા શુદ ૧૦<br>બુધવાર

શા. શાંતિલાલ કેશવલાલ<br>દેવશાનો પાડો,<br>અમદાવાદ.

## સ્યાદ્વાદ વચનામૃતો

૧–સુખનું સર્જક બધું જ સત્ય છે, તેમ જ દુઃખનું સર્જક બધું જ અસત્ય છે, ૨–પાપબંધથી નિવૃતિ કરવી, તેમ જ પાપ છોડવામાં પ્રવૃત્તિ કરવી, ૩–સેવા કરવી તે ધર્મ છે, તેમ જ સેવા લેવી તે અધર્મ છે, ૪–પોતાની ફરજ બજાવનાર મહાન છે, તેમ જ બીજાની ફરજ તરફ દૃષ્ટિ કરનાર અધમ છે, ૫–ઉત્પાદ વ્યયને ભિન્ન ભિન્ન જાણનાર બહિરાત્માછે. તેમ જ ઉત્પાદ–વ્યયને ભિન્નાભિન્ન જાણનાર અંતર આત્મા છે, તેમ જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને ભિન્નાભિન્ન પણે જાણનાર પરમાત્મા છે.

શ્રી અરિહંત, સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્માઓએ ભવ્યજીવોને શ્રેયોર્થે. જણાવ્યું છે કે આ જગત જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય વાળું છે, આ પાંચેદ્રવ્યો નિશ્ચય નયની દૃષ્ટિએ, કોઇ કાળે ઉત્પન્ન થયેલાં નથી. તેમજ કોઈ કાળે તેમનો વિનાશ પણ નથી, તેમજ કોઈ કાળે પોતાના સ્વરૂપને સ્વભાવને છોડતાં પણ નથી આમ છતાં વ્યવહાર નયની દૃષ્ટિએ. જીવ, અને પુદ્ગલ બન્ને દ્રવ્યો પરિણામી છે, એટલે તે બે દ્રવ્યો પોતાના મૂળ સ્વરૂપને છોડયા સિવાય, અન્યતર રૂપે પરિણામ પામે છે. આથી સ્પષ્ટ માલુમ પડશે કે. જીવાસ્તિકાય રૂપ અનેક

જીવો ભિન્નભિન્ન રૂપે આ જગતમાં દેખાય છે. તેમજ પુદ્ગલ દ્રવ્યના જે અનેક ચિત્ર, વિચિત્ર પરિણમનો જણાય છે, તે યથાર્થ છે. ઉપર પ્રમાણેનું વ્યવહાર નય દષ્ટિનું સ્વરૂપ જે અનેક ભિન્નતાવાળું છે, તે સહેતુક છે, નિર્હેતુક નથી જ. તે પરિણમન અનંત-સ્વભાવવાળું હોવાથી, અનેક હેતુવાળું છે. તેમાંથી કોઈક પરિણમન-વિશેષને કોઈક નિયત હેતુ સાથે પણ પરમજ્ઞાની પુરૂષોના વચનના આધારે જ જાણી શકાય છે.

આ જગતમાં બે પ્રકારના જીવો છે (૧) અનંતા જીવો આ સંસારના જન્મ, જરા, અને મરણાદિના દુઃખોના હેતુઓથી મુક્ત થઈને, મોક્ષમાં ગયેલા છે (૨) બીજા કર્મ બંધ રૂપ હેતુઓથી બંધાયેલા હોવાથી આ સંસારમાં અનેક પ્રકારની પીડાઓને ભોગવનારા છે. આ સંસારમાં રહેલા અનેક ભિન્ન સ્વરૂપના જીવોને પણ સામાન્ય, વિશેષ સ્વભાવથી. અનેક ભેદાભેદ સ્વરૂપે, જ્ઞાની પુરૂષોએ અનેક, ભંગાત્મક સ્વરૂપે અનેક નય વિચારોથી, તેમજ અનેક નિક્ષેપાદિથી જણાવ્યા છે.

વળી પ્રત્યેક જીવાત્માના પ્રત્યેક પરિણમન હેતુઓને પણ સામાન્ય, વિશેષ પણે અનેક ભાવસ્વરૂપ વડે યથાર્થ જણાવ્યા છે.

આથી સ્પષ્ટ જણાશે કે પ્રત્યેક પરિણમન તથા-વિધ હેતુ સહિત છે, માટે જ આત્માર્થી આત્માઓએ

પોતાના આત્માના વિશુદ્ધ પરિણમન માટે તથાવિધ કારણતા પ્રાપ્ત કરવી અનિવાર્ય છે.

જેઓ આત્મતત્વને સ્વીકારનારા નથી, તેમજ જેઓને પોતાના આત્માના પરિણમન સાથે કાંઈ જ લેવા દેવા નથી. અને તેથી તેના હેતુઓને વિચારવા તૈયાર નથી. તેમજ પોતાના સુખ દુઃખના સંબંધો પણ જેણે પરાધીન જાણ્યા છે, એવા મૂઢ આત્માઓને કોઈ સાચો વિવેક પ્રાપ્ત કરાવવો મૂશ્કેલ છે. છતાં પણ આ જગતમાં મૂઢ, વિવેકી, અને ઉત્તમ આત્માઓ નિરંતર હોય જ છે, માટે ઉત્તમ આત્માઓ પાસેથી, વિવેકી આત્માઓએ વિવેકને પ્રાપ્ત કરીને પોતે પણ ઉત્તમ આત્મભાવ પ્રાપ્ત કરવો જોઈએ. પ્રત્યેક આત્માનું નિશ્ચયનય-દૃષ્ટિએ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગાદિ સ્વભાવવાળું સ્વરૂપ છે, જ્યારે, વ્યવહાર-નય દૃષ્ટિએ પ્રત્યેક સંસારી આત્માઓ પોતાના કર્મના કર્તા પોતે જ છે, અને પોતે જ પોતાના કરેલા કર્મના ભોકતા છે, અને પોતે જ પોતાના કર્મોનો નાશ કરનારા છે. આથી વિવેકી આત્માઓને, સહેજે, સમજાઈ જાય તેમ છે. કે પોતે જે કર્મ બાંધવાનું કામ કરી રહેલ છે, અને તે બાંધેલા કર્મના ઉદયને, ભોગવી રહેલ છે, તેમાં વિવેક કરીને કર્મને તોડવાનું, નાશ કરવાનું, કાર્ય કરવું તેજ શ્રેયસ્કર છે.

આત્માર્થી આત્માઓ પણ કારણ સિવાય આત્મ-કલ્યાણ કરી શકતા નથી. માટે પ્રત્યેક આત્માર્થીઓ એ,

આત્મ-કલ્યાણ માટેના અનન્ય હેતુ રૂપ શુદ્ધ તત્ત્વત્રયી (શુદ્ધદેવ, શુદ્ધગુરૂ, શુધ્ધધર્મ)નું આલંબન લેવું અનિવાર્ય આવશ્યક હોવાથી તેનું કિંચિત્ સ્વરૂપ જણાવિએ છિએ.

(૧) **નિશ્ચયસુદેવનું આલંબનઃ**-સંગ્રહ નય વડે, જે નિષ્પન્ન સ્વરૂપી પોતાનો આત્મા સિદ્ધ-પરમાત્મા સમાન છે, તેને પોતાના જ ક્ષાયોપશમિક, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વભાવ વડે પોતે જ ક્ષાયિક ભાવે પ્રગટ કરનાર જાણીને પોતાના શુધ્ધ આત્મ-સ્વરૂપનું ધ્યાન કરવું તે.

(૨) **વ્યવહાર સુદેવનું આલંબન**-જે પરમપુરૂષોત્તમ આત્માઓએ પોતાના રાગદ્વેષ-રૂપ મોહને હણીને, અનંતજ્ઞાન, અનંતદર્શન અનંત ચારિત્ર અને અનંત વીર્ય પ્રાપ્ત કરીને, સર્વજ્ઞ અને સર્વદર્શીપણે તેમ-જ ચોત્રિશ અતિશય, સહિત વિચરતાં, પાંત્રીસ ગુણ વાળી, વાણીથી ભવ્ય-જીવોને હિતોપદેશ કરીને, ચતુર્વિધ-સંઘરૂપ-તીર્થની સ્થાપના કરી, તે તીર્થ દ્વારા અનેક જીવોને મોક્ષ માર્ગમાં જોડયા છે, તેઓનું તે, તે સ્વરૂપ પોતાના આત્માનું હિતનું કરનાર—આરિસાની જેમ નિમિત્ત જાણીને, પોતાનું પરમાત્મ-સ્વરૂપ પ્રગટ કરવા માટે અવલંબન કરવું તે.

(૩) **નિશ્ચયકુદેવનું સ્વરૂપઃ**-પોતાના આત્મ-સ્વરૂપનો અજાણ, અને અજ્ઞાન, તેમજ મોહના જોરે કરીને વિષય-કષાયમાં આસક્ત થયેલો; અને તેથી પોતાને જે કર્મ-

બંધ થઈ રહ્યો છે, તેમાં મૂઢ એટલે પોતે જ, પોતાના ચિત્ત-વડે જ પોતાના આત્માની વિરાધના કરી રહ્યો છે. તેનો અજાણુ, તે નિશ્ચય કુદેવના આલંબનવાળો આત્મા જાણુવો.

(૪) વ્યવહાર કુદેવનું સ્વરૂપઃ-જેઓ વિષય, કષા-યમાં આસક્ત છે, અને પોતાના ક્ષણિક ઐશ્વર્યમાં અહંકાર ધરતાં થકાં રાગ, દ્વેષ, પરિણામથી એકનો વિનાશ કરે, અને એકના ઉપર રાગ ધરે, તેમ જ સંસાર પરિભ્રમણુના કારણુ ભૂત પૌદ્ગલિક-ભાવમાં હર્ષ, શોક ધરતો રહે, તેવા આત્માઓનું આલંબન લેવું અથવા, તેમની, સેવા ભક્તિ કરવી તે વ્યવહાર કુદેવનું આલંબન જાણુવું.

(૧) નિશ્ચય સુગુરૂનુંઆલંબનઃ-પોતાના આત્માને, દ્રવ્ય, અને ભાવથી શુદ્ધ એકાંતમાં બેસાડીને, પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની ઓળખાણુ કરાવીને, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગાદિના બંધ સ્વરૂપની શ્રદ્ધા કરાવીને, તે તે બંધ ભાવથી દૂર રહેવાનું સમજાવીને, વિરતિ ભાવ અંગીકાર કરવાનું સમજાવે; તે નિશ્ચય સુગુ-રૂનું અવલંબન જાણુવું.

(૨) વ્યવહાર સુગુરૂનું આલંબનઃ- જેઓ કર્મ-બંધના કારણુ-ભૂત, પાંચ આશ્રવોનો ત્યાગ કરીને, પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે, જ્ઞાનીભગવંતોએ જણુાવેલ માર્ગે, પ્રવજિત થયેલા છે, એવા સદ્ગુરૂઓને

પોતાના આત્માના શુધ્ધ સ્વરૂપની ઓળખાણ કરાવીને મોક્ષ–માર્ગ ભણી લઈ જાય, તે તે સ્વરૂપથી તેમનું પોતાના કલ્યાણનું નિશ્ચયથી નિમિત્ત કારણ જાણીને આલંબન લેવું તે.

(૩) નિશ્ચયકુગુરૂનું સ્વરૂપઃ–જેઓ, સર્વજ્ઞ, અને સર્વદર્શી ભગવંતોએ બતાવેલા, અને સ્થાપેલા તીર્થના દ્વેષી હોય, અને પોતાના મતિ–કલ્પિત માર્ગને ઉત્તમ જાણીને અહંકાર અને મમત્વમાં જ ડુબેલા, અને વિષયો, અને કષાય ભાવોની વૃદ્ધિ કરાવનારા તે તે ભાવોને હિતકારી જાણે તે. નિશ્ચય કુગુરૂનું અવલંબન જાણવું.

(૪) વ્યવહારકુગુરૂનું સ્વરૂપઃ–જેઓ હિંસાદિ પાંચે આશ્રવોમાં નિઃશક પણે પ્રવર્તતા હોય, અને જ્ઞાનાદિ પાંચે આચારોથી રહિત હોય, અને સંસારના અનેક–પ્રકારના ભોગો અને સુખોની લાલચમાં નાખી તે તે મેળ-વવા માટેના અનેક પ્રપંચો કરીને લોકોનું મનુષ્યભવ–પણાનું અનંતું પુણ્ય હરણ કરનારા છે. તેઓને વ્યવહારથી કુગુરૂ જાણવા.

(૧) નિશ્ચયસુધર્મનું આલંબનઃ–પોતાનો આત્મા જે અનંત જ્ઞાનાદિગુણો સહિત છે, પરંતુ કર્મોથી અવરાયેલ હોવાથી, તેમજ અજ્ઞાન, અને મોહને આધીન થઈને, પોતાનું જે અનંત સહજસુખ તેથી ભ્રષ્ટ થયો થકો, ઈંદ્રિયોના વિષય–સુખો મેળવવા પ્રયત્ન કરી રહ્યો છે. તેને પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરવા માટે શુદ્ધ કારક–

વાન્ બનાવવાનો ઉદ્યમ કરવો, તે નિશ્ચય સુધર્મનું આલંબન જાણવું.

(૨) નિશ્ચયકુધર્મનું સ્વરૂપઃ–આત્મસ્વરૂપના અજ્ઞાનથી, પોતાના આત્માના હિતાહિતને ન જાણનાર, અને શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરવાના લક્ષ વિનાના, માત્ર મન વચન, અને કાય યોગે કરીને શુભાશુભ પ્રવૃત્તિ કરનારા, અને તે કરણીમાં જ એકાંતે રાચનારા નિશ્ચય કુધર્મના આલંબનવાળા જાણવા.

(૩) વ્યવહાર સુધર્મનું આલંબનઃ—રાગ, દ્વેષ, અને અજ્ઞાનથી સર્વથા રહિત થઈ ને, જે સર્વજ્ઞ, અને સર્વદર્શી અરિહંત ભગવંતોએ સ્થાપેલ જે ચતુર્વિધ સંઘ સ્વરૂપ તીર્થ છે, તેનું આલંબન લઈને, યથા–શક્તિ વ્રત પચ્ચખ્ખાણ કરી આશ્રવભાવોનો ત્યાગ કરવો તેમ જ પંચાચારના પાલનમાં પ્રયત્નવાન્ બનવું તે વ્યવહાર–સુધર્મનું આલંબન જાણવું.

(૪) વ્યવહાર કુધર્મનું સ્વરૂપઃ—જે પોતાના અહંકાર અને મમત્વને પોષણ કરનાર તેમ જ વિષય, કષાયોની વૃદ્ધિ કરનાર, તેમજ સંસારમાં પરિભ્રમણ કરાવનાર અનેક કર્મબંધના હેતુવાળી ક્રિયાઓ પોતાની સ્વચ્છંદ–મતિ કલ્પના એ કરે છે. તે વ્યવહારથી કુધર્મનું સ્વરૂપ છે.

—o—

## શ્રીમદ્ દેવચંદ્રજી કૃત સ્તવન

શીતળ જીન–પતિ પ્રભુતા પ્રભુની,
મુજથી કહિય ન જાયજી;
અનંતતા, નિર્મલતા પૂરણતા,
જ્ઞાન વિના ન જણાયજી....શીતળ
ચરમ જલધી જલમિણે અંજલી,
ગતિ ઝિંપે અતિ–વાયજી;
સર્વાકાશ ઉલંઘે ચરણે,
પણ પ્રભુતા ન ગણાયજી....શીતળ
સર્વદ્રવ્ય, પ્રદેશ અનંતા,
તેહથી ગુણ પર્યાયજી;
તાસ વર્ગથી અનંતગુણું પ્રભુ,
કેવળ–જ્ઞાન કહાયજી....શીતળ
કેવળ દર્શન એમ અનંતું,
ગ્રહે સામાન્ય સ્વભાવજી;
સ્વ પર અનંતથી ચરણ અનંતુ;
સમરણ સંવર ભાવજી...શીતળ
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ,
રાજનીતિ એ ચારજી;
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની,
કોઈ ન લોપે કારજી...શીતળ
શુધ્ધાશય સ્થિર પ્રભુ ઉપયોગે
જે સમરે તુઝ નામજી;

આવ્યાબાધ અનંતો પામે,
પરમ અમૃત સુખ ધામજી....શીતળ
આણા ઈશ્વરતા નિર્ભયતા,
નિર્વાંછકતા રૂપજી;
ભાવ સ્વાધીન તે અવ્યય રીતે,
એમ અનંતગુણ ભૂપજી....શીતળ
અવ્યાબાધ સુખ નિર્મલ તે તો,
કરણ જ્ઞાને ન જણાયજી;
તેહજ એહનો જાણુંગ ભોકતા,
જે તુમ સમગુણ રાયજી....શીતળ
એમ અનંત દાનાદિક નિજગુણ,
વચનાતીત પંડૂરજી;
વાસન ભાસન ભાવે દુર્લભ,
પ્રાપ્તિ તો અતિ દૂરજી....શીતળ
સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન ગુરૂ,
જાણું તુજ ગુણ ગ્રામજી,
બીજું કાંઈ ન માંગુ સ્વામી,
એહીજ છે મુજ કામજી....શીતળ
એમ અનંત પ્રભુતા સરદહતાં,
અરચે જે પ્રભુ રૂપજી
દેવચંદ્ર પ્રભુતા તે પામે,
પરમાનંદ સ્વરૂપજી....શીતળ

## શ્રીમદ્ આનંદઘનજી કૃત સ્તવન

વીર જીનેશ્વર પરમેશ્વર જયો,
જગજીવન જીન ભૂપ;
અનુભવ મિત્તે રે ચિત્તે હિત કરી,
દાખ્યું તાસ સ્વરૂપ....વીર

જેહ અગોચર માનસ વચનને,
તેહ અતીન્દ્રિય રૂપ;
અનુભવ મિત્તેરે વ્યક્તિ, શક્તિ શું,
ભાખ્યું તાસ સ્વરૂપ....વીર
નય, નિક્ષેપે, જે, ન, જાણીએ,
નવિ જીહાં પ્રસરે પ્રમાણ
શુદ્ધ સ્વરૂપેરે તે બ્રહ્મ દાખવે,
કેવળ અનુભવ ભાણ....વીર
અગમ અગોચર અનુપમ અર્થનો,
કોણ કરી જાણે રે ભેદ;
સહજ વિશુદ્ધ રે અનુભવ વયણ જે
શાસ્ત્ર તે સઘળા રે ખેદ....વીર
દિશી દેખાડી રે શાસ્ત્ર સવી રહે,
ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે,
અનુભવ મિત્ત વિખ્યાત....વીર
અહો ! ચતુરાઈ અનુભવ મિત્તની,
અહો ! તસ પ્રીત પ્રતીત;
અંતરયામી સ્વામી સમીપ તે,
રાખી મિત્ત શું રીત....વીર
અનુભવ સંગેરે રંગે પ્રભુ મલ્યા,
સફળ ફળ્યા સવિ કાજ
નિજપદ સંપદ જે તે અનુભવે,
આનંદઘન મહારાજ....વીર

જ્ઞાન ભાવ જ્ઞાની સબ માંહી,
શિવ સાધન સધહિએ
નામ ભેખસે કામ ન સીઝે,
ભાવ ઉદાસે રહીએ....પરમ ॥૬॥

જ્ઞાન સકળ નય સાધન સાધો,
કિરિયા જ્ઞાનકી દાસી
ક્રિયા કરત ધરત હે મમતા,
યા હિ ગલે મેં ફાંસી....પરમ ॥૭॥

ક્રિયા બિના જ્ઞાન નહિ કબહુ,
ક્રિયા જ્ઞાન વિન નાહિ
ક્રિયા જ્ઞાન દોઊ મિલત રહતહે,
જ્યું જલરસ જલ માંહિ....પરમ ॥૮॥

ક્રિયા મગનતા બાહિર દીસે,
જ્ઞાન શક્તિ જસ ભાંજે
સદ્‌ગુરૂ શીખ સુને નહિ કબહુ,
સો જન જનતેં લાજે....પરમ ॥૯॥

તત્વ બુદ્ધિ જીનકી પરિણતિ હે,
સકળ સૂત્રકી કૂંચી
જગ જસવાદ વધે ઉનહી કો,
જૈન દશા જસ ઊંચી....પરમ ॥૧૦॥

मज्जत्यज्ञः किलाऽज्ञाने, विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥ १ ॥

स्वभाव-लाभ-संस्कार, - कारणं ज्ञानमिष्यते ।
ध्यान्ध्यमात्र मतस्त्वन्यत् ,- तथा चोक्तं महात्मना ॥ २ ॥

जो जाणइ अरिहंते, दव्व - गुण - पज्जवंतेहिं ।
सो जाणइ अप्पाणं, मोहोखलु जाइ तस्स लयं ॥ ३ ॥

आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद् य आत्मनि ।
तदेव तस्य चारित्रं, तज्ज्ञानं तच्च दर्शनम् ॥ ४ ॥

सर्व मङ्गल - माङ्गल्यं,
सर्व कल्याण - कारणम् ।
प्रधानं सर्व - धर्माणां,
जैनं जयति शासनम् ॥५॥

મુદ્રક : પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી નયન પ્રિન્ટીંગ પ્રેસ,
ઢીંકવા વાડી, ગાંધી રોડ, અમદાવાદ.